# Day to Day Current Affairs

**5.Dec 2015**

## ૧. ઓખા-માંડવી બોટ સર્વિસ :

- સૌરાષ્ટ્રના ઓખા થી કચ્છના માંડવી વચ્ચે રાજયની સૌપ્રથમ લકઝરી સુપરફાસ્ટ પેસેન્જર ફેરી બોટ સર્વિસ શરૂ કરાશે.
- આ સુવિધા 21 ડિસેમ્બરથી શરૂ થશે.
- ઓખાથી માંડવી વચ્ચે બાય રોડ 442 કિમી અંતર છે જે અંતર કાપવામાં લગભગ 11 થી 12 કલાક સમય થાય છે.
- પરંતુ, ફેરી સર્વિસના કારણે માત્ર કલાકમાં આ મુસાફરી શક્ય બનશે.
- ખાનગી એજન્સી મારફત શરૂ થતી આ સેવા માટે ગુજરાત મેરીટાઈમ બોર્ડ, પ્રવાસના વિભાગ અને શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની મંજુરી પણ લેવાઈ છે.
- આ ફેરી સર્વિસની ક્ષમતા 220 સીટની છે જેનું ઓનલાઈન એડવાન્સ બુકીંગ પ્રવાસન વિભાગની વેબસાઈટ www.gujaratitours.com પરથી થઈ શકશે.
- પ્રોજેકટને કચ્છ 'સાગરસેતુ' નામ આપવામાં આવ્યું છે.
- આ બોટમાં જનરલ, ઈકોનોમી, લકઝરીયસ બેઠકોનો સમાવેશ થાય છે. જેનુ ભાડુ વ્યકિતદીઠ અનુક્રમે 500, 700, 900 નક્કી કરવામાં આવ્યુ છે.

## ૨. પ્રદુષણને રોકવા દિલ્હી સરકારનો મહત્વનો નિર્ણય :

- રાજધાની નવી દિલ્હીમાં વધતા જતા પ્રદુષણના કારણે કેજરીવાલ સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ અંતર્ગત રજધાનીમાં નંબર પ્લેટના આધારે ગાડીઓ ચાલશે. જેમા 1 દિવસ બેકી તથા બીજા દિવસે એકી સંખ્યાની ગાડીઓ ચાલશે.
- દિલ્હી સરકારનો આ નિર્ણય 1 જાન્યુઆરી, 2016 થી લાગુ .
- ગાડીના નંબર પ્લેટના છેલ્લા અંકને એકી કાંતો બેકી તરીકે ગણવામાં આવશે.

## 3. વર્ગ – 3 અને 4 ની નોકરી માટે ઈન્ટરવ્યુ પ્રથા રદ :

- ગુજરાત સરકાર અને તેના બોર્ડ – કાર્પોરેશનથી લઈને અનુદાન મેળવતી સંસ્થાઓમાં વર્ગ – 3 અને 4ની નોકરીઓમાં હવેથી ઈન્ટરવ્યુ લેવાશે નહી.
- રાજયના સામાન્ય વહિવટ વિભાગ આ બંને સંવર્ગોની સામાન્ય નિયમોમાં ફેરફાર કરી ઠરાવ જાહેર કર્યો છે.
- હવેથી વર્ગ 3 અને 4 ની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યુની જોગવાઈ નાબુદ કરી ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

## ૪. સુરતમાં ગોપી તળાવ અને સ્ટેડીયમનું ઉદઘાટન :

- મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સુરતમાં ઐતિહાસિક ગોપી તળાવનું ઉદઘાટન કર્યું.
- ઉપરાંત મુખ્યમંત્રીએ રીપેરીંગ બાદ તૈયાર થયેલ દીનદયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમનું પણ લોકાર્પણ કર્યુ હતું.

## ૫. બિલ ગેટ્સ :

- માઈક્રોસોફટના ચેરમેન બિલ ગેટ્સ તાજેતરમાં ભારતની મુલાકાતે આવ્યા હતા.
- તેમણે વડાપ્રધાન ના નિવાસ સ્થાને શ્રી નરેન્દ્રભાઇ મોદીની મુલાકાત લીધી હતી.

**<u>પ્રશ્નો</u>**

૧. તાજેતરમાં ગુજરાતના ક્યાં બે શહેરો વચ્ચે ફેરી બોટ સર્વિસની શરૂઆત થશે ? .......... ઓખ- માંડવી

૨. ઓખા – માંડવી ફેરી બોટ સર્વિસની શરૂઆત ક્યારથી થશે ?.... 21 ડિસેમ્બર 2015

3. ઓખા- માંડવી સુપરફાસ્ટ પેસેન્જર ફેરી બોટ સર્વિસને શુ નામ આપવમાં આવ્યું ? ........ સાગર સેતુ

૪. 'સાગર સેતુ' બોટ સર્વિસ માટે કઇ વેબસાઇટ પર એડવાન્સ ઓનલાઇન બુકિંગ થઇ શકશે ? .... www.gujaratitours.com

૫.તાજેતરમાં ક્યાં રાજ્ય દ્વારા પ્રદુષણને રોકવા ગાડીના નંબર પ્લેટના આધારે એક દિવસ એકી અને બીજા દિવસે બેકી સંખ્યાની ગાડીઓ ચાલવવનો નિર્ણય લેવાયો ? .... દિલ્હી

૬. તાજેતરમાં રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ક્યાં સંવર્ગની સીધી ભરતી માટે ઇન્ટરવ્યુ પ્રથા નાબુદ કરવાનો ઠરાવ જારી કરાયો ? .............. વર્ગ 3 અને વર્ગ 4 માટે

Vivekanand Academy, Gandhinagar